Letter No: GSCS/0045/08/2025 Approved Date: 21-08-2025

# ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી

**બ્લોક નં. ૪, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

## સમરસ છાત્રાલયમાં ફક્ત ગ્રુપ-૧ મેડીકલમાં પ્રવેશ મેળવવા અંગેની જાહેરાત

કોલેજ કક્ષાના સ્નાતક, અનુસ્નાતક તથા અન્ય ઉચ્ચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને વર્ષ ૨૦૨૫-૨૬નાં શૈક્ષણિક વર્ષ માટે **સમરસ કુમાર અને કન્યા છાત્રાલય અમદાવાદ, ભુજ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, આણંદ, હિંમતનગર, પાટણ, મોડાસા અને સમરસ કુમાર છાત્રાલય, ગાંધીનગર ખાતે ગ્રુપ-૧ મેડીકલમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા તમામ (રીન્યુ તથા નવા) વિદ્યાર્થીઓ પાસેથી** https://samras.gujarat.gov.in/ વેબસાઇટ પર **તા:૦૭/૦૯/૨૦૨૫ (રાત્રે ૧૧:૫૯ કલાક) સુધી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.**

- સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમોમાં કોઇપણ વર્ષ કે સેમેસ્ટરમાં નવો પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૨ની ટકાવારી અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની ટકાવારી (જે ટકાવારીના આધારે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલ હોય તે ટકાવારી)ના આધારે મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. (નોંધ: વિદ્યાર્થીએ ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.)

- સમરસ છાત્રાલયમાં અગાઉના વર્ષમાં ગ્રુપ-૧ મેડીકલમાં પ્રવેશ મેળવેલ હોય તેવા રીન્યુઅલ વિદ્યાર્થીઓએ પણ ફરજિયાતપણે ઓનલાઇન અરજી કરવાની રહેશે. ગ્રુપ-૧ મેડીકલના રીન્યુઅલ વિદ્યાર્થીઓ જે બીજા વર્ષે છાત્રાલયમાં રહેવા માંગતા હોય તો તેમને ગત વાર્ષિક પરીક્ષામાં યુનિવર્સિટી માન્ય ગણતરી પ્રમાણે છેલ્લા બે સેમેસ્ટરની ટકાવારીમાં (SPI-Semester Performance Index) ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ. જ્યાં ટકાવારીને બદલે ગ્રેડેશન આપવામાં આવતા હોય તેવા કિસ્સામાં ૫૦% કે તેથી વધુના સમકક્ષ ગ્રેડેશન હોવા જોઇએ.

- વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલ ઓનલાઇન અરજીના આધારે પ્રવેશ અંગેનો હક્ક દાવો કરી શકશે નહી. ઓનલાઇન અરજીના આધારે પ્રવેશ માટેની પ્રોવિઝનલ મેરીટ યાદી પ્રસિદ્ધ થયેથી તેમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓએ વેબસાઇટ પર દર્શાવેલ સમયગાળામાં સબંધિત સમરસ છાત્રાલય ખાતે અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે. ત્યારબાદ સબંધિત સમરસ છાત્રાલય દ્વારા નિયમોનુસાર પ્રવેશ નિયત કરવામાં આવશે.

- જો કોઈ છાત્રની ઓનલાઇન ફોર્મમાં ભરેલ ટકાવારી અને અસલ માર્કશીટની ટકાવારીમાં તથા લાયકાત અંગેના પ્રમાણપત્રો/વિગતોમાં તફાવત જણાશે તો તેવા છાત્રનો પ્રવેશ રદ કરવામાં આવશે.

- સમરસ છાત્રાલય જે જિલ્લામાં આવેલ છે તે જ જિલ્લાની કોલેજ ખાતે અભ્યાસ કરનાર છાત્રો જ પ્રવેશપાત્ર ગણાશે.

- વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રીન્ટ નિકાળી તેની ખરાઈ કરી લેવાની રહેશે. જો અરજીમાં કોઈ ભુલ જણાય તો પોર્ટલમાં "Withdraw application"ની મદદથી જુની અરજી રદ કરી નવેસરથી અરજી કરવાની રહેશે. જાહેરાતની અંતિમ તારીખ બાદ અરજીમાં કોઇપણ સુધારા વધારા કરી શકાશે નહિ.

- સમરસ છાત્રાલયના પ્રવેશ અંગેના નિયમો તેમજ વધુ વિગતો ઉક્ત દર્શાવેલ વેબસાઇટ પર દર્શાવેલ છે જેનો સંપુર્ણ અભ્યાસ કરી છાત્રોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

- વધુમાં પ્રવેશ અંગેની કોઇપણ માહિતી માટે વેબસાઇટ પર દર્શાવેલ સબંધિત જિલ્લામાં આવેલ સમરસ છાત્રાલયનો સંપર્ક કરવાનો રહેશે.

- ગ્રામ્ય વિસ્તારના છાત્રો ઈ-ગ્રામ મારફતે પણ પ્રવેશ માટેની ઓનલાઇન અરજી કરી શકશે.

તા:૨૨/૦૮/૨૦૨૫

સ્થળ: ગાંધીનગર.

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી
અને
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

File No: GSCS/PVS/e-file/407/2025/0025/samras
Approved By: Chief Executive Officer,samras,GSCS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*